ૐ

મધુર મોહિની.

અમદાવાદ.

શ્રી માતંડ મુદ્રાલય પ્રેસમાં પટેલ ભીખાભાઈ જગનલાલે
રે રતનપોળ મરચીપોળ નં. ૨૦૪ માં છાપ્યું.

કીંમત રૂ ૦-૨-૦

ૐ

નમઃ શિવાય

મધુર મોહિની

રચનાર

શા. વાડીલાલ ઇશ્વરલાલ કે

ઉવારસદ નિવાશી

પ્રસિદ્ધ કર્તા

શા. મોહનલાલ ચુનીલાલ જીનવાળા.

અને

પા. નાથાભાઇ કાળીદાસ

મુ. ઉવારસદ

—o—

અમદાવાદ—" માર્ત્તંડ મુદ્રાલય " પ્રિ. પ્રેસમાં
પટેલ ભીખાભાઈ છગનલાલે છાપ્યું.

પ્રત ૫૦૦ [આવૃત્તિ ૧ લી] સને ૧૯૨૫

મુલ્ય ૦—૧—૦

પ્રસ્તાવના.

વાચકવૃન્દ? હુ કવિ નથી કિન્તુ પ્રયાસી છું. પ્રયાસના ત્રીતિય પાદે ચઢયો છું. આધુનિક સમયમાં હતભાગી હિંદ દૂર્દશાને પ્રાપ્ત થયો છે, તે શાથી? તેનુ યથા-શક્તિ પૃથુકરણ કરી જનસમાજને અર્પણ કરૂ છું. પ્રપચના પાસા ખેલાડુઓ, પટેલોના પોગળ અને આડંબર ધારિજનો ને ન્યાય અને નિતિના સુરસ્તે દોરવાનો અલ્પ, કિન્તુ પ્રયાસ સફળ થયેલો જોશે, તો લેખક આપનો અતઃકરણ પુર્વક આભાર માનશે. દોષિક કવિતાની માફી એજ આશા.

લીઃ

હિંદ હિતેચ્છુ,

વાડીલાલ.

અર્પણ પત્રિકા.

મુરબ્બી કાકા શ્રી શા જમનાદાસ કેશવલાલ
આપે મારા પિતાના સ્વર્ગવાસ થયા
બાદ મારી બાળવયમાં લીધેલી સ
ભાળ, તથા દીધેલી ઉત્તમ કેળવણી
ના પ્રતાપે હું આ લઘુ પુસ્તક
લખવાને લાયક થયેલો છું
તે હુ આપને અંતઃકરણ
પુર્વક અર્પણ કરી
કૃતાર્થ થાઉ છું

લી. આપનો સદાનો સેવક,

વાડીલાલ.

હર્ષોદ્‌ગાર.

—ગઝલ—

અરે ગુણવાન સહુ ગીતો,
સમાવી શોક ગાવાદે.
મળ્યું મોંઘુ અમળ ફળ તો;
ખુશીથી તેહ ખાવાદે.
અધિક અધીકાર આપ્યો તો;
ફરજ મારી બજાવાદે.
વં' ગુણવાન ગગા તો;
ખુશીથી તેમા ન્હાવાદે.

ૐ

કલ્યાણ.

મતી ઉમાપતી દીયો દાસને અતી;
મહાદેવ માફ માગુ ભુલ કરો જતી.

ઉવાર્સદ આપે અવલથી ગુણી પ્રાત ગુજરાત,
જીલ્લે અમદાવાદની માંહી જગતે નહી કો જાત. મતિ.

ઉત્તર દીશે આપ બિરાજયા મશાણુ કેરી પાસ,
પોતે પ્રગટયા પ્રભુ પ્રેમથી ખુશ થઇને ખાસ, મતિ.

જટા ઘટા શિરપર છે ઘાટી છટા છબીલા છેક,
ગુણુવતા ગંગાધારી છે દયાવત તું દેવ. મતિ.

રૂઢમાળ કંઠે રઢીયાળી સર્પ કરે સુસવાટ;
ત્રીશુળ કરમા તગતગતું છે અસુર કેરે માટ. મતિ.

ડમરૂં ડાક ખાખ ખુબ ચોળી ઝોળી ઝડો સાથ,
અર્ધાંગે ઉમીયા બિરાજયા ગણુપતિ ડાબે પાસ. મતિ.

શીવજી સુખ સદાએ આપો આપો અતી ધનમાલ,
દરશન પ્યારા અતિ અમુલ્ય વીનવે વાડીલાલ. મતિ.

દેવભૂમિનું સ્મરણ.

ભુજંગી છંદ.

અરે અંતરેશ્વરનુ ધામ આ છે,
દુખી દુનિયામાં સુખી ઠામ આ છે;
સહૂ દેવદેવી તણા એજ દેવા,
સદા સ્નેહથી હુ કરૂ શીવ સેવા;
અતી નેહથી નામના જાપ જાપે.
પડેલા કરોડો કરે કષ્ટ કાપે,
ભલે પુન્યશાળી ભર્યો હોય પાપે;
વિભું વ્હાલથી તું અતી સૂખ આપે.
તરૂને લત્તા ઓપતો રૂપ સારો,
બગીચો બનાવ્યો બહુ ગુંણુવાળો;
મુસાફીર માટે વળી ધર્મશાળા,
પ્રતાપી પ્રજાલે અતી દુઃખ ભારા.
ઘણા સાધુ સન્યાસિને સુજ્ઞ બાવા,
વરે વ્હાલથી ઈશના ગુણ ગાવા;
ચણ્યો કોટ ચોપાસમાં દેખ સાજો,
અતી ઓપતો આગળે દરવાજો.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

શ્રી ગણેશાયનમઃ

મધુર મોહીની

સરસ્વતિ સ્તુતિ.

વસંતતિલકા છંદ.

હે માત વાત ઉચરૂં રસદાર પ્યારી,
વ્હાલી વદી તુજ થકી મતિ તુચ્છ મારી;
બુદ્ધી અને અતિ મને દય સુદ્ધ સારી,
નેહે નમુ ભગવતી ભવનાવ ભારી.

ગીતિ.

ફત્તેહ ધ્વજા ફરકો ફત્તેહ ડંકો વાગે મનરાજી,
પ્રભુ દયા દિલધારી કરજો અમારી ઉન્નતી સાજી.

અસ્તુ

અદેખાઓને અર્પણ.

મનહર છંદ.

વનસ્પતિ ખીલે ત્યારે અદેખાઇ ઉરધરી,
ઝેરીલો જવાસો જો જો જરૂર સુકાય છે,
કિરણથી કમળો સૌ ખુશાલીમાં ખીલે ત્યારે,
કુટિલ કુમુદી જોજો તર્ત કરમાય છે.

સૂર્યોદય થાય ત્યારે ઉપજે આનન્દ અતી,
ચીડાઇ ઃચીબડી જોજો મનમા દુભાય છે,
તેવી રીતે અદેખાઓ અજબ અન્તર ઝાળે,
વાડીલાલ વદે બળી બળી ખાખ થાય છે.

કુતરા આપ્યું છતા બીજાને અપાતુ દેખી,
નિજને મળેલુ તજી બીજા સામે ધાય છે,
ખસતાં તરત કાગ આવીને તે લઇ જશે,
બેઉ ખોઇને પછીથી ભૂખે ભટકાય છે.

લોભ દ્વેશમાં ફસાઇ બીજાનું જે બુરૂ તાકે,
બીજાનુ લેતા પ્હેલા તો હોય તેહ જાય છે;
આવી રીતે દેશ મહી દુર્બળ દશાજ આવી,
વાડીલાલ વદે દ્વેશે બૂરા હાલ થાય છે.

ઉદય ને અસ્ત,

હરિગીત છંદ.

ખીલ્યાં કમળ ખલ્કે ખરે બલ્કે અરે કરમાય છે;
જગમાં જનમિઆ જેહ જન મન માન નક્કી જાય છે.
ચઢતી અને પડતી તણુ ચક્ર ચકે ચોદીશમા;
સહુનો ઉદય ને અસ્ત છે મદમસ્ત મુફ્ત કુલીશમાં.
આ જગતમાં જન ભક્ત છે જે સત્યને સંભારતો;
ગરવે ગણાઈ ગ્રસ્થ તું બીભસ્ત બોલી બાળતો.
પોતે પડે પાડે બીજા પુરા પ્રમાણિક લોકને;
નવ જાણતો નડશે મુને ધરતો નહિ કઇ શોકને.
વય નાનીમા નાચ્યો બહુ મા બાપને સંતાપતો;
જરદાર જુવાની જશે મરણ તણુ નહી માપતો.
ઘડપણ સમે ઘડશે અરે તુજ ઘાટ પાપો પ્રેમથી;
હરતો અને ફરતો સહુ સરદાર કેરી રહેમથી.
ઘરડુ થયું તુજ ગાત્ર કે તલમાત્ર શક્તિ નહી રહે;
તમ હાથ ઝાલી સાથ આવું નાથ નારી નહી કહે.
સ્વાર્થી સગા સ્નેહી સહુ અંત થશે અળગાં અરે;
મરતો નિહાળી તુજને કહે કોણ વણ મોતે મરે.
ભંગુર લક્ષ્મી સૂખ જે પલટાય છે પળ પળ મહીઃ
ઘટમાળ વાદળ સમ અરે દુનિયા રૂપિ છે આ દહી.
ઘટમાળનો ઘડનાર જે કિરતાર જગદાધાર છે;
ખાતે કર્યો છે ખ્યાલ વાડીલાલ કહે એ સાર છે.

અભિમાન ન કરવા વિષે.

(ઝુલના છંદ.)

ભજ ભગવાનને તજ અભીમાનને
અવગુણી અંતમાં એહ ખાશે
જે જને તે ગ્રહ્યા વંશ વેરી થઓ
માનને કુળનું મૂળ જાશે
દેખ દુર્યોધન મન થકી માનતો
મુજ સમો રાય નહિ રાજ મારૂં
અમરછુ અચળ હુ જીત્યો જાઉ નહી
મરી ગયો અંતમા મુખ કાળુ
રાય રાવણ જુઓ મહેલ મુકી મુઓ
ગર્વ ગઢની મહી જે ધવાયો
ઇશ્વર સૂત કહે ગરવમાં જે ગળ્યો.
સંત ' સહુ જાણજો અત આયો

મૂર્ખ લક્ષણ.

(મનહર છદ.)

અકલ નકલ નહી બહુજ છે બળહિન,
છિન્ન ભિન્ન હાડ છેક ક્રોધને સમાવે છે;

આળંસુ છે અંધ સમ ગમના ગમાર જાણે;
માણે મન મોજરોજ બુદ્ધિ બતલાવે છે.
બાયલા બકે છે બુરૂ અભીમાની અવગુણી,
ઉપરથી ઠાઠ માઠ ઠીકથી ઠસાવે છે;
સબાશેર નિજ નેજ જાણે છે જગત મહીં;
વાડીલાલ વદે માન મૂર્ખ કહેવાયે છે.
વાતનો વિવેક નહી છેક છટકેલ સમ,
ભાષણ ભસીને ભૂડુ હાત દરશાવે છે;
અપમાન થાય નિત મનથી જાણે ખચીત,
ખાંચ ખરે ખાધાવણ આનંદથી આવે છે.
શિખામણ દીએ શુભ મનેથી કો માન કરી,
અપમાન આપી બુરૂ બોલીને બનાવે છે;
ખોટાને ખસેડી ખરી ખાતથી કરે છે ખરૂં,
વાડીલાલ વદે ભડ ભપકો બતાવે છે,
બેઠો જેહ ડાળ ધારવાળી કર પાળી લઇ,
કાપે મન જાણે નહીં મને જોડે વાગશે;
ચલણ ન બ્હાર હોય એટલે નારી ને માર,
મારે મન જાણે નહી મારૂ ઘર ભાગશે.
વાતે વડવાડ કરે મરે પણ મૂકે નહી,
મનથી ન જાણે બળવાળો અરી જાગશે;
શીગડા ઉગે ન કદી મૂર્ખ કેરા માથાપર,
વાડીલાલ વદે દૂ:ખ મૂર્ખ સગ લાગશે.

" જપને જગનાથ, ઘણા ન જરી "

(ત્રોટક છંદ.)

જગમાં જનમ્યો કર કોલ દઈ,
છટક્યો છળથી છટકેલ થઈ;
પલટાય પ્રમાણિક ઢોંગ કરી,
જપને જગનાથ ઘણા ન જરી.
અરજી ધરિને તુજ કામ કિધું,
મુખથીજ જરાકન નામ લિધુ,
અવિચારિ મતી તજ કેમ ફરી,
જપને જગનાથ ઘણા ન જરી
નથિ ન્યાય અન્યાય ન નીતિ રિતી
જગનાથનિ સાથ જરા ન પ્રિતી
સહુ સાયબિ જેનિ કૃપાથિ મળી
જપને જગનાથ ઘણા ન જરી
ઘટમા ઘટતો નિચઘાટ અતી
નહિ શુદ્ધ અશુદ્ધ અથાગ મતી
રટને સમજી ધિર ધ્યાન ધરી
જપને જગનાથ ઘણા ન જરી
ભટકેલ ભુલી ભટકે ભવમા
બળતો બહુ હેત ધરી દવમા
ધન માલ ધરી જન જાવુ મરી
જપને જગનાથ ઘણા ન જરી

જગમાંહી જન્મો જન એવા

(ચદ્રાવળા છંદ.)

જગમાંહી જન્મો જન એવા સાહસીકને શુરવી-
પરોપકારે પ્રાણુને અરપે ધર્મ ન હારે ધી
ધર્મ ન હારે ધીર શિર જાતાં અમર નામ તેઓનાં થાત
'તિલક, ગોખલે, ગાંધી જેવા જગમાંહી જન્મો જન એવા

પાછળ વહેથી શું વળે

(હરિગીત છંદ.)

હીમત ધરે ના હીજડા લડવાને શુરા સાથમાં
ચગદાઇ પાડે ચીસ ને બળગીર કેરી બાથમાં
શુરવીરને શોભે નહી લડવુ લબાડી લોકથી
ભુંડુ ભલે બોલે બહુ હિજડા હજારો પોકથી
ભસતાં ભડકતાં શ્વાન સૌ ગજરાજ આગળ નવ ધસે
પાછા પડે ગજરાજતો પાછા પડી પોતે ભસે
ગજરાજ ગમ ખાઇ જઈ ધીમો ધસ્યા વિણુ ચાલતો
બીન્હો બહુ સહુ મુજથી એવાં શીખામણુ આલતો
ભણુતા ભુલુ છુ ભાઇ હુ નિચ લોક પોકો પાડતા
ભુંડા ગણી ભુંડુ ભસુ છટકેલ છગમાં મ્હાલતા

મૂરખા મળીને એકઠા ભુંડું અવરનું ઉચરે
જેવુ કરે તેવુ મળે પાછળ વઢેથી શું વળે ?

જ્ઞાતિના પટેલોનું પોગલ.

(ગઝલ.)

પટેલો જો થયા છો તો તમે બસ ન્યાય આપોને;
નીતિ ને ન્યાયની સારૂં અરે બસ કાય કાપોને
મલ્યુ તે મેળવી લેઈ જીભે જગરાગ જાપોને;
તમારા અતરે આજે ભલી બસ છાપ છાપોને.
લગારે લાંચને લેતા અટકતા ના તમે ભાઈ';
જુઠું રે મુખથી કહેતા ભડકતા ના તમે ભાઈ.
ફસાયાથી પછી ફરતાં કદિ કઇ વાટના જોતા;
કરીને કામ નિજ કરથી તમે તમ આબરૂ ખોતા
લગની લાગી છે લોભે ટળેના આશ તમ મનથી;
ગરીબોનેજ ધુકરાવી અરેરે દાબતા દમથી
પતિ હીન નાર ધમકાવી દમામે દામને હરતા;
લઈ નખખોદનું નાણું ફીતુરી ફાકડા ફરતા.
ધર્યા રે વૉચને ચસ્માં ઘરેણાં ગોલ્ડના ભારી;
બની બહાદુરના બેટા જુઓ ના નરકે નારી.
બતાવી બ્હારથી ભપકો ડરાવો રાકડા લોકો;
મહી પોલાણુ પૂરૂ છે બજારે ઝાલતા હોકો.

સરે જો સ્વાર્થ પોતાનો બિજાનુ છો બુરૂ થાઓ;
કરો છો પક્ષ મ્હોટાનો ઘણુ ગુણ તેહના ગાઓ.
ખુશામતથી કરી ખુશી સુખે નિજ સ્વાર્થને સાધોઃ
અરે પાપો તણો બોજો નકામો શીરપર લાધો.
કહો છો એકને કાઇ બીજાને બોલશો બીજુ;
કરાવો વેર વ્હાલામા પછી કંઇ કાઢશો ત્રીજુ.
જુઠી વાતો મુખે વદતા વળી વિશ્વાસને હરતા;
કુડાં કૃત્યો કરે કરતા નથી એઓ પ્રભુ મરતા.
પચાડે ના પ્રભુ પૈસો હશે હરામનો જે તે;
લઇ સાથે ઘણા બીજા જશે હરામનો જે તે.
ઉપાયો આદરો અદકા અરે પણ પાસ ના રહેશે;
અદલ ન્યાઇ તણો ન્યાઇ મને જે ધાર્યુ તે દેશે.
અતી અન્યાય આદરતાં પટેલો ના તમે ડરતા;
ભલા ગુણવાનને દાબી જુઠુ સાચુ સદા કરતા.
ખરૂં ખોટું નહી જોતાં મનેથી માલ પર મ્હોતા;
દીધેલો દામ પર દાવો ખરે મોટાઇને ખોતા.
અરે અન્યાય આદરવા પટેલો ના તમે બનીયા;
ઉંધુ સવળું સદા કરવા પટેલો ના તમે બનીયા.
કદી જર સાથમાં નાવે સગા કરથીજ સળગાવે;
જરા જમતો નહી જોશે પટેલો હીંડતા આવે.
અમોએ ન્યાય મેળવવા પટેલો આપને કરીયા;
નિતીથી ન્યાત કેળવવા પટેલો આપને કરીયા.

ભલાઈ ન્યાતમાં ભરવા પટેલો આપને કરીયા;
કુડાના કાયદા કરવા પટેલો આપને કરીયા.
ચઢે જો રીસ અતરમા મયાથી માફ હા કરજો,
કદી જો ટોક લાગે તેઃ હૃદયને સાફ હા કરજો.
વદે તમ વ્હાલાઓ સદા સતોષને સાધો;
મળ્યા માહી મગન રહીને જરા જગદીશ આરાધો.

પૈસા વિષે.

(લાવણી.)

વસ્તુ તુજ કામ કળા ન્યારી (૨)
શેઠ શઠુ તુ રક રખડતો તુજ છત્ર ધારી
ચળે સહુ ચિત્ત તને ભાળી (૨)
પાપે પડતા પહેલા નિરખી ડરે ના નરનારી
અરેરે જ્ઞાત તજે પળમા (૨)
જોતામાંહી જાત તજી દે છેક વદે છળમાં
ભમાવે ભકતો ભૂધરના (૨)
ફરજ ભૂલાવી દાવ ચુકાવી ડકા દે ડરના
બોલું બહુ ભળથી બલીહારી (૨)
વાડીલાલ કહે તુજ વિના સહુ દુખિયા નરનારી
વસ્તુ તુજ કામ કળા ન્યારી (૨)
શેઠ શઠુ તું રંક રખડતો તુજ છત્ર ધારી.

મન પ્રતિ.

(દુમિલા છંદ.)

હરજીની મરજી માન કરી
ધરી ધ્યાન અરિ મન તું ભજને
મળશે મળમા તુજ ધાર્યું નકી
સુખ સાજ સમાજ શિરે સજને
ધર ધીર અધીર બને શિદને
બની વિર અરી અદકા તજને
ભલી ભાત ભજી જગતાત
કજાત સજાત બની કર ધર રજને

અંતે સૌ અળગાં

(શાર્દુલવિક્રીડિત છંદ.)

રે રે દીન દયાળ લાલ લગની લાગી મુને તાહરી
દુખી મીન મયાળ આ મહિ મહી સ્હાયે હવે ધા હરી
માતાને વળિ તાત ભ્રાત ભગની ભાસે ભલી ભાતથી
અતે તે અળગાં અરે સહુ થશે વ્હાલા થશે વાતથા
વ્હાલી નાર અસાર ધાર જગમા મીઠું મુખે બોલતી
આખે આસુ અતી ધરી દિન બની ખોટુ ખરૂ ખોલતી
બોલે ના મુખ નાથ હાથ પકડ આવું હવે સાથ હું
રોગો સો મુજને દયો પતિ તણા સાટે મરૂં નાથ હું.

જીવ પ્રત્યે.

(દુમિલા છંદ.)

ભગવાન અને શુભ સાન તજી
હુજીએ હરને ભુલતો ભુલતો
ડરતો ના ફરતો ફંદ મહી
જહિ ને તહિ કામ કરે ઝુલતો
મરતા સહુ દુખ તણો દરિયો
ખરેખાત અલ્યા બલકે ખુલતો
દીલમાં છે ડાઘ અરે પણ તું
ભુલિને ભવ કુપ વિષે ડુલતો

(ઝુલણા છંદ.)

જીવતુ જાપને નામ નટવરતણું
ભગતનુ ભાવથી દુખ ભાગે
ટળવળે દીનતા દુઃખમા દાખવે
સુખ સમે સ્યામને શીદ ત્યાગે ?
શ્યામનુ નામ છે દામ દુનિયા મહી
અવર અંતે અરે સાથ નાવે !
એક અવિનાશ છે સામળો સાથમા
સ્નેહ દાખી દિલે તે બચાવે
નરહરી નાવ છે ભાવથી ભેટને

છેક છટકેલ થઈ શીદ ચુકે
આવશે કાળના જે ગયો તે ફરી
મુરખ મળશે નહી કેમ મુકે
અરી ઘણુ મારશે સુખ સહારશે
ધારશે ના કદી મુખ તારૂં
સ્હાય સ્નેહિ તને નહી કરે જીવડા
માન તો શિદતું મારૂં મારૂં
આખ ઉઘાડને ટાળ અજ્ઞાનતં,
નિદ તીમીરને નાખ તોડી
ઇશ્વર સુત કહે ગરવને ગાળીને
બાળી દુર્બુદ્ધ દે જીવ જોડી.

શુભશીખ.

દ્રુતવિલંબિત છંદ.

ચપળ થા ચિત તું જગની મહી
વિસરના પણને મુખથી કહી
ધિરજથી સરશે મદથી નહી
વિમળથા સઘળી સતની સહી. ૧
અભય થા કળથી દગને દહી
અમરથા જનમી જગની મહી

બિકણ થૈ બળમા કદિ હારશે
અમલ સૌ કરશે અરિ મારશે
સફળ જો કરશે જનમ્યુ જગે
તરત શીવ સદા વળશે વગે
નરહરી હરશે મનમા લીએ
બળ કરી બળશે દુખ સૌકિએ

કલીયુગ.

મનહરછંદ.

કળીયુગ કાળ ચાર ભરમહી કરનાર
ન્યાળ નજરેથી નીત જીત જેની થાય છે
એક ન અનેક છેક વેદથી બતાવે ખેદ
ભેદ સત્ય જોયા વણ જીવ નથી જાય છે
ન્યાત જાત શુ વિશાત ઘાત ક્યૌ ખરેખાત
વાતને જુઓ સાક્ષાત નીચ સાથ ખાય છે
વાડીલાલ વદે વીર ધીરને અમીર શીર
કાળનો અપાર ભાર વેરી વાયુ વાય છે

જુગાર.

(મનહર છંદ)

ઝેરી છે જુગાર જાણુ માણુ નહી મઝા એમાં
કુળને પામેલા જુઓ ખોએ ધુળ ખાય છે
પુન્યશાળી પાંડવોને જુગારે જખમ કીધા
હાર્યાની સાથેજ સુખ સીધુ સરી જાયછે
નામાંકિત નળરાય જુગારમા રાજ હાર્યો
જુગારથી ધનમાલ સઘળુ સિધાયછે
વિનંતિને શીર ધરી જુગારી જરૂર જુઓ
વાડીલાલ વદે જીવ જુગારમા જાયછે

મદ્ય પાન ન કરવા વિષે.

(લાવણી)

પ્રિય મિત્ર માયરા સાર લહો સુખદાઇ
મધુપાન અરે દુખ ખાઇ તજો તે ભાઇ
દોરાય દુષ્ટકો વ્યસન મધુની વગમાં
મુરખો બીજો એ સમ જડે નહિ જગમાં
નર ટળી અને તે ખર ખરેખર થાતો
શીર ઉપર પડે છે દુખ સુખ નવ વ્હાતો

સળગાવે તનમાં લ્હાય થાય દુખ ભારે
બળવાન કરે બે ભાન જાનથી મારે
નવ કરે કોઇ વિશ્વાસ પાસ પણ નાવે
છટકેલ કહે સૌ લોક શોક દરશાવે
છેવટે કરે છે ક્ષય વય નાનીમાં
રઝળાવે જર જીવન ધુળ ધાણીમાં
વાડીલાલ વદેછે વાણ જાણ દુખ ઝાઝુ
મધુ પાન નણું તું વ્યસન ધરી દે બાજુ

મદ્યથી માઠાં પરિણામ.

(કુંડળિયો.)

માઠાં ફળ મહા મદ્યથી ઉપજ્યાં છેજ અનેક
યાદવ યદપી સાંભળો પીડા પામ્યા છેક
પીડા પામ્યા છેક એક જીવ તો ન બચિયો
મરીયા માહો માંય કોઇને નવ તે પચિયો
સિકંદર શુરા તણો પ્રાણ દારૂમાં ગયો
વદે વાડીલાલ સંહાર ક્ષત્રીનો થયો

જાતિ સ્વભાવ કદી ન ફરે.

(માત્રામેળ ત્રોટક છંદ)

કરશો કદી ક્રોડ ઉપાય અરે
પણ જાતિ સ્વભાવ કદી ન ફરે
ભરમાઓ નહિ મુખ વાણી થકી
નહિ થાય કજાત સજાત કદી
કિધુ પાલણ પોષણ પ્રેમ થકી
શિર સ્થાપ્યું નહી દુખ એક કદી
નિચ નાગ નહી ગુણને ગણશે
ડસતાં દિલમાં કહિ ના ડરશે
પીંજર મહિ પાળિએ પ્રેમ કરી
ખવરાવિએ ખંતથિ ખુબ વળી
પણ કાગતણી ટેવ ન ટળશે
નર્ક નિરખી ચીતમાં ધળશે
ઉપકાર અતી કરશો કરથી
દુખ કાપો કદી જરના બળથી
પણ નીચ નહી ગુણ તો ગણશે
અપકાર અરે કરથી કરશો.

કટીલ સ્ત્રીનો વિશ્વાસ ન કરો.

(મનહર છંદ)

મતિ અતિ અવલથી ધવલ બનાવે ધણી
ધમક ઠમક ઠાઠ શોકને સમાવે છે
રૂપ છે અનુપ કુપ કારમો કરાવે કેર
ઝેર વેર નિજ માટ ખુશીથી ખમાવે છે
મનોહર મામ ને દમામ દાખવેછે દીલ
ખીલવી ખલક ખુબ જોરને જમાવે છે
લટક મટક કરી ચપટ કરે છે ચિત
વાડીલાલ વદે વ્હાલા ભાવથી ભમાવે છે
નેહે રશહિણુ પ્યાર પતિને જણાવે નાર
જાર સાથ જાય ઠાર મારી નિજ નાથને
અભય અપાર ધાર મતી હીન મન ધાર્યું
કરે તો ઠરે છે ઠામ છોડે સુખ સાથને
દંડાય કે થાય દુખ હઠીલી હરામી જાત
બળે બાર બાર વાર છોડે નહી બાથને
બબુચક બેવકુફ ચાલાકી ચલાવી ચીત
વાડીલાલ વદે વ્હાલા નચાવેછે નાથને
આશા દઇ પાસ ખાસ ખીલવે હુલ્લાસ મહી
દાસ તે બનાવે દીન દેખતાં જણાયછે

ઉદાર આવાર કરે વિચાર વાઘને વળી
સર્પ કેરી ગણત્રીમાં ગાજીને ગણાયછે
જર જોરૂ જાણુ ખાણુ ખુબ એ ખુવારી કેરી
ઝેરી છે જમીન એવી ભામીની ભણાયછે
અબળા અરે તે નહી સબળા સલુણી જાણ
વાણ વદે વાડીલાલ જોરમા જણાય છે
રાનમા રોળાવે રાજ તાલમા તોડાવે તાજ
કાળ કેરી ફાળ મહી ફંદથી ફસાવે છે
દામ ધામ હરે હામ જામ પાય ઝેર તણું
કામ કરે સિદ્ધ નિજ વાતને વસાવે છે
ઉપરથી ડોળ થોર થોર થાયે પ્રેમ તણા
નજીક છે મોત તોય હેતથી હસાવે છે
કુટીલ કામની કુળ શુળ સમ જાણો એહ
વાડીલાલ વદે વ્હાલા ઘુટણ ઘસાવેછે

મન જટાધારી જપવા.

(લાવણી)

જરૂર મન જપવા જટાધારી (૨)
જેની કૃપાથી જગમાં જોઉં સુખીઆં નરનારી
અરે પળમાં દેશે તારી (૨)

મયાળુ મહાદેવ મઝાના મનહર ત્રીપુરારી
સરેછે કામ સહુ ભારી (૨)
દેછે દુખમાં સુખ સદા શિવ સહુને સુખકારી
ભજોને ભાવ ધરી ભાઇ (૨)
દુખ દેખતાં પળમાં બળશે મળશે મન ધારી
રટો સુખ સાગર નરનારી (૨)
વાડીલાલ કહે ભુધર ભજવા મતિ તુચ્છ મારી

બાળ લગ્નની બળતરા.

(મનહર છંદ)

બાળ લગ્ન થાય બહુ સહુ તે જાણો છો ભાઈ
પુત્ર પારણામાં હોચે તોચે વિવા થાય છે
માત પિતા કાળ નિજ બાળનાં થાએછે ઘણાં
વીવાહ કીધા પછીથી મને મકલાય છે
કજોડુ કે કાળ એવા બાળનો થાએ છે જયારે
માત નાત મુર્ખ મારા નક્કી એવુ ગાય છે
નાતના પટેલ સુણો છોડીઓ રંડાય ઘણી
વાડીલાલ વદે દીલ દેખતાં દુભાય છે
કજોડુ કદી જો થાય નર નાનો હોય ત્યારે
નાર નિજ નાથ તજી બીજા સાથ જાય છે

સસુર પક્ષ લજવી ભજવી ભવાઇ ભાઇ
ન્યાત જાત તજી દઇ યાર સાથ ખાય છે
આબરૂને ચહે નર તેહતો ચીડાઇ જઇ
ઘરબાર તજી પછી ગળેફાંસુ ખાય છે
આવી રીતે બાળકના બુરા હાલ થાય જુઓ
વાડીલાલ વદે દેખી દીલડુ ચીરાય છે

પરદાન મ્હાણો.

(સવૈયા છંદ.)

પરધન પ્યારા પ્હાણો સમજી શીરપરે લેતા ન લેશ,
ઉંચ આપણી જ્ઞાત તપાસી વળી તપાસી ભારત દેશ;
સંપ મહી કુસંપ કરાવે કરાવે નિજ જ્ઞાતીથી દૂર.
ઇશ દીનપર દયા કરીને કુમતી કેરૂં કાપો મૂળ,
સાચો હીરો શોભે સારો નુર નક્કી છે અપરંપાર;
ઉપરથી દીસે અજાયબ અદકી અંદર ઝેરી ઝાળ.
પાસે આવતાં પ્યારૂ પ્યારૂ લાગે નહી કર્મેતે કૂર,
ઇશ દીનપર દયા કરીને કુમતી કેરૂં કાપો મૂળ;
ઝાંઝવા જેવુ ધન જોઇને હરણુ જીવ કરે દોડા દોડ.
આગળ જાતાં નકામુ એ નીર દુર થવાનું વ્હેલા મોડ,
દીપકને સોનું ધારીને પતંગ પ્રીતે જાય હજૂર;
વાડીલાલ કહેમિત્ર માનો પરધન નિશ્ચે કાઢે કુળ.

કન્યા વિક્રય ન કરવા વિષે.

(દોહરો.)

કન્યા વિક્રયનું ધન આખર ધુળનુ ધુળ છે,
વાંચક નક્કી સમજજે જેવુ નદિનુ પૂર છે;
ભલે મોટો રાય હોય પણ શાલવાનિ શુળ છે.
બુદ્ધિ ફરે અવળી અરે પડતી તણુ એ મુળ છે,
એ ધનથી જે દૂર છે તેજ ગુણ નિધાન છે,
ભુમાં શુ પણ સ્વરગમાં તેને અદકુ માન છે.

કમજાત શુભવાતને વળગે નહી.

(સોરઠી ગઝલ)

હિત વચન કહિએ હેતથી લાગે નહી કમજાતને,
કમજાત જીવ જાતા લગિ વળગે નહી શુભ વાતને
જુદાઈ રાખે ન્યાતથી,
વિઘનો વધારે જાતથી,
ભાખે ભુડુ ભલિભાતથી,
ધીક્કાર એના તાતને.
અન્યાય કરતા નવ ડરે,
ફટકેલ પળપળમા ફરે,
પર દ્રવ્યને પાજી હરે,
ધીક્કાર એની માતને.

સુમતે મરે મૂકે નહી,
સૂસારમાં ઝુકે નહી;
નિચ દાવને ચુકે નહી,
ધીક્કાર એની જાતને.

હિત વચન કહિએ હેતથી લાગે નહી કમજાતને,
કમજાત જીવ જાતા લગિ વળગે નહી શુભ વાતને.

કુસંપ ન કરવા વિષે.

(મનહર છંદ.)

કુસંપ છે કુડો કુર ઉરમા ઉતારી જુઓ,
ધાર્યું તે કરે છે ધુળ મુળ શુભ બાળીને;
કુસંપમા રાજતાજ રાણીઓ રડાઈ ગઇ.
કુસંપનું કામ એજ ખુશ થાય ખાળીને,
કુસંપથી કારજતો ત્રીજાનું તરત સરે;
હરામી હજામ જેવા રહે પછી હારીને.
માટે મારા દેશ બંધુ કુસંપને કાઢો દુર,
વાડીલાલ વદે વીર વેરને વિસારીને.

કુસંપનાં ઝેરી ફળ.

(રાસડો.)

ભારતના ભોળા ભ્રાતાઓરે,
સંપ શણગાર શોભાઓરે
સંપ સુધારસ અમૃતરેલી રેલવો ભારતમાંય,
કુસંપના ક્રુર ચક્કરમાંહિ ચગદાસો નવ તાત.
કુસંપને મૂળથી બાળોરે. ભારતના૦
કુસંષમા પીત્રાઇભાઇ પાડવ કૌરવ કહેવાય,
તેમનામ્હાં જો સપ હોયતો કદી લડાઈ ન થાય;
કૌરવે પ્રાણ ગુમાયોરે ભારતના૦
કુસપમાં મસીઆઈ ભાઇ પૃથુરાજ જયચંદ,
અહંકારને શીર ધરીને કીધો વડાઇનો છંદ;
ત્રીજો મહંમદ સમાયોરે. ભારતના૦
કુસપમાં દૂખ કેવુ સમજાશે આપોઆપ,
માટે મારા ભોળા ભ્રાતાઓ સંપીના જપીએ જાપ;
કુસંપનો સાર નઠારો. ભારતના૦
વાડીલાલ કહે સ્વદેશ બધુ આપર રાખજો ધ્યાન,
સપના જો મુળ ફેલાશેતો મળશે મોટેરૂ માન;
મનમા નક્કી ધારોરે. ભારતના૦

બોલવા વિષે.

(છપ્પા.)

બકે તજી મર્જાદ કૃપણુને તે કુડો જાણો,
બકે તજી મર્જાદ સમજવો કદી ન શાણો;
બકે તજી મર્જાદ કુળહિન ક્રોધી હોયે.
બકે તજી મર્જાદ કદી નવ સારો સોયે,
તમા વિણ ટીટી કરે ધીક તેનો અવતાર છે;
વાડીલાલ કહે બોલકો નક્કી નીચ નઠાર છે.

મિત્રતાઇ વિષે.

(છપ્પા.)

સખા વીણુ સર્વત્ર છત્રહિન રાજના જેવું,
તાન વિનાનુ ગાન માનવીણુ ભોજન કેવુ,
ખાંડ વિનાની ખીર નીર હિન સરિતા જેવી,
નાર વિના સંસાર મિત્ર વિણુ જીંદગિ એવી.
મિત્ર ગણો શીર છત્ર સમ દગાહીન જો હોય તો,
વાડીલાલ કહે જગ મહી દગા હીન જીવ કોય તો;
પરખ્યા વીના મિત્ર છિદ્ર સાચા ના દીજે,
વળિ અંતરની વાત એકદમ એ શુ ન કીજે.

વિણા વશ થઇ હરણ શરણ મરણના થાએ;
પરખ્યા વિણ દેવાત સાત સુખ તેના જાએ;
સરોવરપર બગએસીને અડગ ધ્યાન જેવુ ધરે;
વાડીલાલ કહે વિમળ વાણે કપટિ મિત્રતેવું કરે.

(મનહર છંદ.)

કુસંગથી થાય અરે વ્યાધિને ઉપાધિ ઘણી;
કુસગથી રાય તેહ રંક બની જાય છે.
કુસગથી કુળ કેરી લાજમરીયાદ જાય;
કુસંગથી આબરૂના કાકરાઓ થાય છે.
કુસગથી વેરી વ્હાલા પાછળ વધે છે ઘણા;
કુસગથી નર દેહ એળે વહી જાય છે.
કુસંગને અરે ભાઇજાણ તુતો નાગ ઝેરી;
વાડીલાલ વદે જીવ કુસગમા જાય છે.

(છપય.)

સુસંગ સારો રગ કુસંગથી છે તે કાચો;
પળમા એ ભુસાય સાચવે નર જે સાચો.
સુસગ સાથે શરમ ધરમને ધીરજ શીરે;
કદી ન કુડુ કરમ મરમ માંહિ ન લગારે.

સુસંગે સારી કેરી મળે કુસંગે કૌવચ કારમિ;
વાડીલાલ કહે કરમહા કેરી ધરે તે ધારમિ.
મિત્ર કરવો જોઇ ઓાહિ ન રૂપે રંગે;
ભભકો ભારે જોઈ કોઈ જાશો ન સંગે.
શિર સાટ કરે કાજ લાજ મનમા ના ધરતો;
મિત્ર માટે દે શાર ધિર શિર માટે ન ડરતો.
ભેદુ બની ભમાવશે પ્યારા મિત્રઅરે બહુ;
વાડોલાલ કહે સત્ય કહુ જોઈ મિત્ર કરજો સહુ.
વિશ્વાસ હરે જે જન મન દેવુ ના તેન;
દેવુ કોને છેક એક વચન હોય જેને.
અભીમાના નવ હોય ધરે ના લાછન શીરે;
ચાડી કહિ નવ ચહે મરે ન મુમતી લગીરે.
દગો સગો કદી કરે નહી તેને ધિર તું ધારજે;
વાડીલાલ કહે બે વચની મુળથી મિત્ર મારજે.
કામિ ગણે નહિ પાપ શ્રાપ કે જબરા જાપો,
કામિ ધરે ના ધરમ શરમનો તો નહિ છાપો.
ધીરજ ધરેના શીર હરામી હામ ન હારે;
નિંદ લહે ન લગાર ક્રોધમા કામી મારે.
પળમા લજ્યા લઈ લીએ કામી મિત્ર કરશો નહિ;
વાડીલાલ કહે કરગરી તો સમજે સાચી મહી.
લોભે જીવ બહુ ફરે કરે છે કારમિ વાણી;
કાકા કાગને કહે કહુછું જોઇને જાણી.

અસત્ય પળમાં વદે સજે સતના શણગારો;
ચાલતા ચુગલિ કરે ધરે મુખ ધીરજ ચારો.
લોભે નીચ ઉંચ થાય છે દીકરી લેવાને સહુ;
વાડીલાલ કહે માન સાચું અન્ય કથા સઘળી કહુ.
લોભે લક્ષણ જાય થાય છે ખુબ ખુવારાં;
લોભ મુકાવે લાજ દાઝ દે કરે આભારિ.
લોભે લાજને ધરે કરે નહિ કુળ નિચ કામો;
લોભે હિંસા કરે જુએ નહિ વૃદ્ધ વિસામો.
લોભનો થોભ હોતો નથી વાચક નક્કી ધારજે;
વાડીલાલ કહે છે સાચુ લોભિ મિત્ર વણ સારજે.
મિત્ર વશ કરવો હોય તો યછે ઉપાય રહેલો;
કટક કપટી છેદ ભેદને મુળથી મેલો.
ભક્તિ વશ ભુધર જેમ પ્રેમ વશ મિત્ર પ્રમાણો;
મોહનિ જગમા તેહ મિત્ર વશ કરવા જાણો.
સુમત મુળથી મેલેતો મોહિની કોઇએ સમનહી;
વાડીલાલ કહે અનુભવ કરી સત્ય કથા સઘળી કહી.

(ગીતિ.)

માટે બધુ મારા જોઇ મિત્ર કરજો સહુ સારા
ચિત્ત મહી ગુણ સારા પ્રેમ અરપો પ્રિતથી યારા

પ્રાતઃકાળનો દેખાવ.

(ઇંદ્ર વિજય છંદ)

તારક તેજ તણો ક્ષયને વળિ પૂર્વ મહી જગનાથ દિસેછે;
મોહકને મનરંજન ભજન ભૂખ તૃષા સિન ભૂમિ વિષેછે.
ભાણુ તણા ઉપકાર થકી કમળો નિજ લાલિઅપરિ પ્રસારે;
આખ તણુ નુર ઓછુ થયુ ચિબડી ચિતમાહિ બળે બહુઝાળે.
કાગ કરે કકળાટ સલાટ તણો જ્યમ સોર કરાજ હથોડો;
ચીચીકરે ચકલી નકલી જગની મહિ જેહ તણો નહિ જોડો.
કાબર મોર ખલી સમડી વળિ પોપટ પાર વિના બહુ સાદો;
મૂરખ મોહન ના સમજે મન ફોગટ સાર વિના સહુ વાદો.
કૈક ઉઠી જન સ્નાન કરી ધરિ ધ્યાન સુગાન કરે શિવ સાધી;
કૈક જતા કરમા લઇ બોટલ ડૉકટર દેખિ બતાવત વ્યાધી.
કૈક ઉઠી નયણે કર ન્યારત કૈક વળી કરતાજ સમાધી;
કૈક જનો મુખને કરિ સાફ કહે કર માફ પ્રભુ ભુલ બાધી.
લેશન બાકિ નિશાળ તણુ ભણનાર અપાર કરે મુખ વાણી;
નારિ અપારિ ધરી શિર ગાગર ચાલી જતી વળી આવતિ પાણી.
ભક્ત ભલા જગતાત તણા કર અક્ષત લેઇ જતી બહુ નારી;
શ્રેષ્ઠ સહુ સમયો કરતાં પરભાત અહા બહુ જે ખુશકારી.

સયાજી મહારાજ આબાદ રહો.

(હરિગીત.)

સરકાર છો ઉદારને ભલપણ તણા ભંડારજી;
યાદવ મણી શ્રી કૃષ્ણ સમ દુખ દેશનુ હરનારજી.
જીવો ઘણું જર પામજો વીરામજો સૌ વીપતી;
મહાદેવ તમને વિનવુ કિર્તિ રહો નીત દીપતી.
હાકીમ હિંદુસ્થાનના ગુણવાનના ગ્રાહક તમે;
રાખો મહેશ્વર સપતી વિનતી અતિ કરીએ અમે.
જગમાં ઘણા જશ પામજો બહુ જામજો વિર નરતણા;
આ વિશ્વમા તો શુ અરે પણ સ્વર્ગમાં જેની મણા.
બાળ્યાં પ્રજાના દુઃખ સહુને સુખ દીધુ સત ઘણું;
દરદો હર્યા બહુ દેશના સંભારતા રહો ક્ષણ ક્ષણ.
રહો નીત મગલ મયમા વાણી વદાજો જયમા;
હોજો સ્વદેશે વ્હાલ વાડીલાલ કહે તમ હૃદયમા.

મિ. ગૉખલે આપનો સ્વરગમહી વાસ થજો.

(હરિગીત છંદ.)

મિજમાન મિસ્ટર ગોખલે કુરબાન તું પોતે થયો;
વિદ્વાન ને ગુણવાન તુ સુખવાન સહુ કરતો ગયો.

ખલકે રહી ખરી ખાંતથી પરમાર્થ તુ કરતો હતો;
ને સત્ય સાહીં કરે સન્માર્ગે ડગ ભરતો હતો.
આ વિશ્વમાં રહિને અરે કુવિચારથી ડરતો હતો;
પણને પુરૂ કરવા ખરે તુ જાનથી મરતો હતો.
નોખો કર્યો દુનિયા થકી તુજને અરે કો પાપથી,
સ્વદેશના બાધવ પૂરવ ગુનો થયેલો આપથી.
રહેજો અવિચળ રાજ શિરના તાજ તારૂં તેજથી;
ગરકાવ આનદે થશે મનથી અમારો એજથી.
મળજો મહા સુખ માનથી અફ્કુ કદી દેવો વદે;
હીંમત તણા હક દાર થઈ ઉદાર વદજો તમ રૂદે.
વાજીત્ર કેરા નાદને વરસાદ વરસો ફુલ તણા,
સમજણુ પ્રમાણે સ્વરગમા તારા સમાની છે ઘણા.
ચડમા થયો તુજ નાશ સહુ ઉદાસ ભાગ્યોદયમાં;
જોડી થયો હુ ન્યાલ વાડીલાલ કહે મમ હૃદયમા.

વ્હાલાને વિનંતી.

(લલિત છંદ)

અરર ઈશ તેં કામ શું કર્યું,
રતન દેશનું હાલમાં હર્યું.

જતનથી પ્રભુ પાસ રાખજે;
અચળ હે વિભુ મોક્ષ આપજે.
જગતમા સદા જોઈ ચાલતો;
નિતિમહી રહી જેહ મ્હાલતો.
ભલપણે ભલા શબ્દ ભાખજે;
અચળ હે વિભુ મોક્ષ આપજે.
નથિ કર્યું કદી કૂડ કામરે;
મહિ મહીં મળ્યુ મોટુ મ નરે.
સરવથી પ્રભુ શ્રેષ્ઠ સ્થાપજે·
અચળ હે વિભુ મોક્ષ આપજે.

કારમી કુદરત.

(હરિગીત છંદ.)

વિનતિ કરૂં વિભુ વ્હાલથી છુ ન્યાલ હુ તુજ નામથી
કુદરત તણા કરનાર ઓ ઉદાર તારા કામથી
જગને બનાવ્યુ બગ મહી ખૂબી ખરેખર વાપરી
કરીને કૃપા દિન નાથ ગ્રહજો હાથ વિનતિ આ કરી
પરભાતમાં પુર્વે જુઓ શોભા અતીશય આપતા
તેજે અરે ત્રીલોક કેરૂ દુખ સઘળુ કાપતા

જ્યોતિ નહી નહી તેલકે દીવેલ પુરવું મહિ પડે
અગ્નિ નહી સળગાવવો સળગે સદા કુદરત વડે
અદ્ધર ફરે આકાશમા કોદી પડે ના આખડે
નિજ રાહ પર ફરતા ફરે રે રોજ એ કુદરત વડે
નહી એક છે અનેક જેનો ભેદ ભાસે નહી કદી
મુજ લેખીની ચાલે નહી લાયક થયો નહિ હું હજી

મનને.

ભુજંગી છંદ

હતા ખૂબ રંગે રૂપે કામ જેવા,
અહોનીશ દાસો બજાવે જ સેવા;
જમે ભૂખ લાગે મહા મિષ્ટ મેવા,
જગે પૂન્યશાળી ન કો અન્ય એવા;
અતી નીજ દેશે વિદેશે વખાણે,
દુખી નાહિ નીત્યે નવી મોજ માણે.
જયા કેક જાશે હવે નીજ ટાણે,
જતા હાલ દેખુ મસીદે મશાણે;
અતી ક્રૂર ક્રોધી સતીના જ વેરી,
મતી મંદમોંઘા વળી ખૂબ ઝેરી;

હતા ચીકણા ગુંદમાં જેમ ખેરી,
કમાયા નહી કાય કામાન્ધ કેરી;
હતા પાસ પૈસા નહી પૂન્ય કીધું,
કદી મૂખથી ના પ્રભૂ નામ લીધુ,
નથી નીર્ધનીને કદી દાન દીધુ,
ગયું મ્હોત તાણી નહી જેહ બીધુ;
હતુ રૂપ રંભા સરીખું સુવાળી,
મહા મિષ્ટ વાણી હતી ગુંણ વાળી;
રમા ખૂશ થાતી પતીવૃત્ત પાળી,
હતી ખૂબ ફાલેલ વેલી રસાળી;
અતી નેહશી નીજ નીતી પ્રમાણી
પતી મોજમાંહી સદા મોજ માણી.
વિવેકી હતી બોલતી સત્ય વાણી
અરે તેહને ગયો તકે કાળ તાણી
નથી કોક દીને સગાં સાથ સંપી
કદી બેસતી નાહતી જેહ જંપી
કરે ક્રૂર કામો કરંતાં ન કંપી
દિલેથી ડરી ના જરા જેહ દંભી
નથી મીષ્ટ વાણી ટુકારા ઉચ્ચારે
ધણીની કદી ધાક કાને ન ધારે

ગઈ એવી વામાજ વીલા વિચારે
કહો કોઈને કાળ કોદી ઉગારે
દુંખો દેખતા દીલ વેરાગ થાયે
હઠાવી વૃતી શુભ રાગા બનાવે
અરી તું ફરી મન્ન માયા મહીરે
ફરા વીસરે પણ મૂખે કહીરે

ગીત.

(રાગ ધોળ.)

બેની ભેળાં મળીને ઉમગથી
ફરીએ આપણુ સરવે સગ થશે દૃખ ભગ
સુસગે સારૂં થશે
બેની બાળા વયે માબાપની
કદી કરવી ન આજ્ઞા લોપ, કરે પ્રભુ કોપ
ફીધી કદી મન થકી
વર્તો કુટુંબ સકળમા સ્નેહથી
કોદિ કરવો નહીજ કુસપ, એમા નહી જપ
અનંત દૃઃખો પડે
કરવી સેયર સારી સુલક્ષણી
કામ જેટલી વદવી વાત, કરો ન કજાત
ભાત પડી નવ ટળે

ગણુજો વિદ્યા ગુરૂને પીતા સમા
ગુરૂ પત્ની તે માત સમાન, જે ગુણનાં નિધાન
દીએ શીખ શુભની
બેની આળસ ધારો ન અંગમાં
નિજ કામમા રાખો હુલ્લાસ, થવું ન ઉદાસ
મ્હેનતે સહુકો મળે
કેસર કુકુમ લેપન ભાલમાં
દેખી દીન દયાળ છું ન્યાલ, વદે વાડીલાલ
લતા ક મ ચૅાના—બેની

ગરબો.

(રાગ પુનમ ચાંદની.)

સજની સરવે મળીને સમરો કમળા કાન્તનેરે
બ્હેનો આવે જેથી અવગુણ કેરો અ ત
સખીઓ સારૂં થાશે જાશે અનીતી આપણીરે. ટે.

સાખી

નાવિક નરના આપણે, જાવું ભવ જળ પાર
મુસાફરીમા મેળવો નીતી નેહ અપાર
પ્રેમે સુકાન ગ્રહીને ફરવુ પીયુની સાથમાં. રે.
સેવા શીરતાજની સાધો ધરી ખંત–સજની

સાખી.

આવે મોજાં કારમા ભવસાગર નીમાંય
લાગે નહી લવલેશ જો શીયળવૃતની છાંય
બ્હેનો દૂખ સમયે સમરો શ્રી જદુરાયને–રે.
દેખી દૂઃખ આપાણુ મનમાં એ દૂખાય–સજની

સાખી

વિદ્યા સંમ્પાદન કરી કરો ન દૂર ઉપયોગ
શીયળવૃત્ત શું સમજીને કરજો સહુ સુખભોગ
સફરી વહાણ કેરા થાવું આગળ ઉપરીરે
વિદ્યાવંત બનીને જાવુ નિજ નર સાથ–સજની

સાખી

કેસર ચદન ભાલમાં ન્યાળી થયો હુ ન્યાલ
સદ્ વિદ્યા બાળાઓ મહી ધરજો દીનદયાળ
વાડીલાલ ગુલાબી સરજી સઘળી જગ્તમારે
પ્રેમે પાળી પોષી કરજો ઇશ જતન–સજની

(રાગ કરે શીદ વ્યર્થ અરે પોકાર)

અહો ઇશ માનુ તુજ આભાર,
સાયબી સોયે અપરં પાર;
સહુ જીવને આશ્રય છે તારો,

ઓ પ્રભુ સરજન હાર;
પવન વિણુ પળવાર પૃથ્વીમા [૨]
હળતે પ્રાણુ અપાર. સાયબી.
સૂય ચંદ્ર નક્ષત્ર અગ્ની
સરજ્યુ શ્રેષ્ટ દયાળ
જળ વિણુરે જગતાત જગ્તમાં
ચાલત નાહી લગાર સાયબી,
દૂખ ભજન મન રજન કર્તા
માનુ તુજ ઉપકાર
રસના હામ ધરે ન રચવા
વીનવે વાડીલાલ. સાયબી.

રાગ ઠૌંડી

ચિંત નાથ હાથ ઝાલીને ઉગારો
જેવો તેવો હુ તનુછુ તાત તારો. ચિંત
કિધા પાપ મે અમાપ બાપ બાળો
હરો શ્રાપને ત્રિવિધી તાપ ટાળો. ચિત.
હ્રગ્ા બુદ્ધ જે અશુદ્ધ શુદ્ધ સ્થાપો
વિનવુ વ્હાલ ધરી વિમળ વાણી આપો ચિત
ઉભો દ્વાર આવી દાદ દિલ ધારો
વાડીલાલ વદે વાણુ કૂ વિદારો, ચિત.

રાગ કાફી.

શરણે તારા આવે રે, તેને તો તું તારી લીએ.
ગુણ મજેથી ગાવે રે, ધારે તેને ધારીલીએ
પુન્યશાળીની પ્રેમે પ્યારા લે છે તું સંભાળ,
પાપી જનને પૂરો બદલો દે છે દીન દયાળ
ભાવે જેકો ભજતાર, તેઓને તુ શીર દીએ. શરણે
ત્રીલોક કેરા તાત અરે છે તુંજ ભ્રાતને માત,
વ્હાર કરો વિઠ્ઠલ વર વહેલા વેદે છો વિખ્યાત
શરણુ તારૂ સાચુ રે, પાપેથી બહુ બાળ બ્હીએ શરણે
હરિહર નરવર પામું ભાવે કરગ્રહુજો કિરતાર,
અધારે આથડતા અમને ઉગારરે ઉગાર;
વાડીલાલ ગાયે રે, કેગત કરૂણા કાંઈ કીએ. શરણે

મેઘરાજાને વીનંતી.

ઉપજાતિવૃત્ત.

આખી જહાના જન પેષનારા, તાપે થતાં દુઃખને સોષનારા;
આધાર મોટો અમને તમારો, ઓ મેઘરાજા ઉર અર્જ ધારો. ૧
આશા ફરી નિષ્ફળ આ બનીરે, છાયા છવાઇ મન શોકનીરે;
દેવા દયાની નજરે નિહાળો, ઓ મેઘરાજા ઉર અર્જ ધારો. ૨

ઝાખું જણાયે જગ આપ વિના, પીડાય પ્રાણી કિરણે રવિના;
પામે પશુના ખડ તે વિચારો, ઓ મેઘરાજા ઉર અર્જ ધારો ૩
પક્ષી બિચારાં વન વિચરે છે, નાંખી નિસાસા વદને વળે છે;
કેકી કરે છે વિરહે પુકારો, ઓ મેઘરાજા ઉર અર્જ ધરો. ૪
આકાશ ન્યાળે નયનો વિકાસી, અંતે રહે રે સદને વિમાસી,
પ્યાસી બળે ચાતકા ચિત્ત ઠારો, ઓ મેઘરાજા ઉર અર્જ ધારો ૫
ધાન્યો સુકાયે સડતાં સપાટે, ખેડુત ખતી ફરતા ઉચાટે;
હાની થશે જીવ જશે હજારો, ઓ મેઘરાજા ઉર અર્જ ધારો. ૬
રંકો રીબાયે કલહ ઠેર ઠેર, દેખુ દુખો દુ સહુ દીન ઘેર,
વ્હાલા વિપત્તિ ધનથી વિદારો, ઓ મેઘરાજા ઉર અર્જ ધારો ૭
આવી સમાવી પરિતાપ પ્યારા, શાન્તી પ્રસારો કરી મેઘ ધારા;
આંખે બતાવો નવ કાળ કાળો, ઓ મેઘ રાજા ઉર અર્જ ધારો. ૮
માઝા મુકી માણુસ ગર્વ કીધ, પંખી પશુને દુખ શીદ દીધ,
માફી દીયો દેવ ગુનો અમારો, ઓ મેઘ રાજા ઉર અર્જ ધારો. ૯

કાન્તને કાલાવાલા

કુંડળિયો

વાડીના માળી મળી અરિકામ કરનાશ,
રિબાવે કળી કુમળી વ્હાલા થાય વિનાશ;

વ્હાલા થાય વિનાશ, આશવેલી વિલસાયે,
સર્વાંગે શું થાય, શ્યામ તે નવ સમજાયે.
ખલક મહી ખુદ આપ ખલાસી ભવ ખાડીના,
શાન્ત કરો ઉરકાન્ત, વિલાસી તન વાડીના;
તારા નેન તણા ત્રિયા તલસાવો શું આમ,
નામ રટુ રસના થકી રસીયા આઠે જામ.
રસીયા આઠે જામ, કામ સૌ મેલી પડતુ,
ત્રાસીં પ્યાસી રહ્યય સુજાગુ સખાવણુ સડતુ;
વિરહે વ્યાકુળ પ્રાણ મળી મન મોહન મારા,
શાંન્ત કરો ઉર કાન્ત લાલ લોચનના તારા.
કનક વલયના શશી ભાગ્ય તણા ઓ ભાણુ,
બક્ષો માફી જો બન્યું અણઘટતુ અણજાણુ;
અણઘટતું અણજાણુ વદીજો મુખથી પ્યારા,
સાફ દીલથી માફ કરો કરગરતી દારા
ભોગી વણુ ભવમાય ભાસતા ભડકા ભયના,
શાન્ત કરો ઉરકાન્ત શશી મમ કનક વલયના;
કાલાવાલા દીનના કાન ધરો શિર છત્ર,
ભુવન ભયાનક ભાસતું આપ વિના સર્વત્ર.
આપ વિના સર્વત્ર સાયબી છેજ નકામી,
નાથ નાસિકા વિના દેહમાં દિસતી ખામી;
માનો મર્દ મરાલ વિનવે મુગ્ધ મરાલા,
શાન્ત કરો ઉર કાન્ત કરૂં છુ કાલાવાલા.

શિવ સ્તુતિ.

મંદાક્રાંતા છંદ

સાથી મારા અણિ વખતના નામ સ્નેહે સ્વિકારૂં;
જગ્તે સાચું શરણ મુજને પાર્વતિ કાન્ત તારૂં;
ગંગાધારી શિરપર વળી સર્પ કંઠે ધરેલા;
ભુરી ચોળી ભભુત વપુએ ભાવથી નાથ છેલા;
હસ્તે ભોળા હિસત ડમરૂં ડાક ત્રીશુળ ધારી;
હેતે કીધી વૃષભ ઉપરે શીવજી તેં સવારી;
વ્હાલા મારી અણ સમજને આપ હસ્તે વિદ્યારો;
નક્કી નેહે મનમહી ધર્યો આશરો તાત તારો,
ખોટા ખેલો જગત જનના જાણતા જે કરેલા;
ભાવે ભક્તિ તજી દઇ અને પથ વાંકે વળેલા,
તેમાથી એ ત્રિકમ તમને વિનવુ રે ઉગારો;
નક્કી નેહે મન મહી ધર્યો આશરો તાત ત્હારો.

દિવાના મધુકરને.

ગઝલ

મધુકર મ્હાત તુ થાયે, છતા ના લેશ સમજાએ;
મધુ મકરંદને ચુસી અહા આનદમય થાએ;
અતી બસ બ્હાર માણેછે, સ્વરગ એને પ્રમાણેછે;
મધુકર મોહમાં તારી, ગતી શી એહ જાણે છે?
રસીલુ દીલ તે અર્પ્યું ઠગાયો તુ ઠગાયો છે;
પ્રણય જ્યોતી જરૂર દીલમાં દીવાનીમાજગાયો છે;
ભલે તુ ચ્હાય છે તેને નહિ તે તુજને ચ્હાતુ;
ગણેના તાહરી ગણના અવરના ગુણ તે ગાતુ;
નીહાળી જેહ લોભાયો, નકી તે નષ્ટ થાવાની;
રવીના હાથ છે તંતુ રવી જાતાજ જાવાની;
અરે દરદી દિવાનો થઇ ભમે છે કાં દમે છે કાં;
ભૂલી ભંગુર સુખમા તુ જીવન હાની ખમેછે કા;

ઉન્નતીનું પ્રથમ પગલું.

ઉનતી ચહતો કદિ એ સ્થુગમા;
નવકામ કરે પડતો ભલમા;

તિડ, પક્ષિ આમો તુજને નડશે;
જુર નાશ થશે તનડુ સડશે;
પરણાવ નહી સુત બાળ વયે;
થડમા થડકે જુજ દીન ગયે;
મળશે નહિ મુળ કહો ટકશે;
પળવાર મહી પડશે વટછે;
ગળશે સહુ હાડ અખાડ બની;
લુગડાં ધરશે કળ છે વટની;
વહતો તમ હાસ ઉજાસ જગે;
બચતો નવ તે કદી બ્હાર વગે;

"તમે વહો વેઠવું તે તેમારે."

ઉપેંદ્રજ્વા છંદ

તમે મુખે જે વહશો વધારી;
રહી જરી તે તજશો તમારી;
વિવેક ધારો સવળા વિચારે;
તમે વહો વેઠવુ તે તમારે;
મુખે મુખેથી વચનો ઉચારો;
મિનીટ થોડી મનમાં વિચારો;
થશેજ હાની! વણુરે વિચારે;
તમે વેહો વેઠવું તે તમારે;

ધરો અભીમાન તે ભુજ માટે
અણી સમે ઝાલશે તે ઝપાટે
કશું ન લાગે વળગે અમારે
તમે વહો વેઠવું તે તમારે.

ઉપજાતી છંદ

વેરી ગણો જો ઉરઝેર ધારી
ભાઈ નકી છે ભુલ તે તમારી
વીરૂદ્ધ વાણી મન વીષ લાગે
એથી તમારૂં ભવ દુખ ભાગે

ઊંવારસદમાં આવેલી વાવનું વર્ણન

બ્રહ્માણી માતાની સ્તુતિ.

(હરિગીત છંદ)

દેવી અરે સેવી તને તરિને ગયા છે પાપીઓ
નેહે નમુ સ્નેહે સહુ દુર્બુદ્ધ દેવી કાપીઓ
બ્રહ્માણી માણી ખાણુ મતિની તાહરો આધારજી
આ દીન બાળક વિનવે અરજી કરો સ્વીકારજી

(કુંડળિયો છંદ)

વાવ તણું વર્ણન કરું વિચારો વાચક મન
તરૂ તણાં શિત છાયડી લહે વિસામો જન
લહે વિસામો જન તન ત્યાં શાન્ત બનાવે
સ્વચ્છ હવા ને માટ અધિક લોકો ત્યાં આવે
આવે વનચર ખગચરો અરે ત્યા ખાતથી
કરે રૂડો વિશ્રામ શોક સમુળગો જ્યા નથી.

(ચંદ્રાવળા છંદ)

તગ તગતા શોભે બે ટોડા ઝાઝા જબરા જેહ
પાર ધાર પર બાધી ધીગી છેક સુધી છે છેહ
છેક સુધી છે છેહ છટાથી ભય ભાસે મન ધાડઘટાથી
જગમાહીં બહુ જડતા જોડા તગતગતા શોભે બે તોડા

(મનહર છંદ)

અંદર જવાને માટ છાટો છાઇ છેક સુધી
પગથીઆ પત્થરનાં હારોહાર આવે છે

થોડે દુર જાતાં મ્હી મનોહર માત આવે
ગોખમહી ગાજે ગુણવાન ગુણ ગાને છે
આગળ આવે છે નીર સજડ બને શરીર
ધીરતર્ત હારે વીર શીર સટકાવે છે
અરે છે અપાર નીર શીર પનીહારી ધરી
એવું બહુ બળ વાળી બળ બતલાવે છે
કુવો જુઓ જીવ જોડી તામસ વિચારો તોડી
ગભીર ઘણેરો મન મહી એહ લાગે છે
બારી ભારી વારી સુધી સુંદર શોભેછે સારી
ધારી ધારી જોઉ નિત ઉર કેરી આગે છે
ઉનાળે કે કાળ મહી સરોવરે નીર નહી
હવાડો બનાવ્યો બહાર તેહ ભીડ ભાગેછે
જબરૂ ઝાઝેરૂ કામ દામ ખરચ્યાછે ખુબ
વાડીલાલ વદે જોતાં જીવ જર માગે છે

(મરાઠી સાખી)

દેવી કૃપાથી સપૂર્ણ કીધુ આનંદ ઉપજયો અપાર
ભુલ ચુક ભાઇ માફ કરજો બોલો જય જયકાર
વાડીલાલ નમું સુખ નથી સંતોષસમું

"શા. શકરાલાલ મગનલાલ કૃત"

"પ્રભુ સ્તુતિ."

વસંત તિલકા છંદ.

ત્રાતા તમો જગતનાં દુખ સૌ હરો છો
ભ્રાતા ભલાં ભગતના સુખને ભરો છો
દાતા ખરે અસુભને સુભ તો કરો છો
પિતા તમે સરવના ઉપરે ઠરો છો

દોહરો.

વાચક ભ્રાતા વાંચજો, રાખીને દિલ સાફ
ભુલજો ભાસે તો મને, દેજો તેની માફ

"શકરાલાલ."

"પ્રભુ."

ગઝલ

અધમની થાયછે ભરતી, પડે લેવો મને અવતાર,
લઇ અવતાર તેઓને, પ્રથમ હુતો કરૂંછુ ઠાર,
ભજેજે હેતથી મુજને, ગણુ હું પ્રાણથી પ્યારો,
નિહાળું નેહ દ્રષ્ટીથી, નથી એ મૂજથી ન્યારો,

પ્રથમ જે ભકિત કરશેરે, કશોટી હુ કરીશ તેની,
મને જો યોગ્ય લાગેતો, લઉ સંભાળ હુ તેની,
પડેજો ભીડ ભકતને, તરત હું દોડતો આવુ,
બચાવું ભકિતના બળથી, ભગતની ભીડને ભાગુ,

"શકરાલાલ."

"સવારે ગણપતીનું ધ્યાન"

દ્રુતવિલંબિત છંદ

ગણુપતી શુભ નામ ઉચારવું
સરવ પાપ અને દુખ ટાળવું
દિવસના સહુ કામ સુધારજો
બળ અને ચતુરાઇ વધારજો. ૧
પ્રથમ કામ કરૂં તમ આસરે
સફળ થાય ખરૂ પણુ તે અરે
મન થકી અળગા કદિ ના થશો
મમપરે બહુ પ્રેમ બતાવશો. ૨
જગતના દુખ સૌ તમ કાપશો
શિવ તણા સુત વૈભવ આપશો

કરગ્રહિ ભયમાથી ઉગારશો
દિન ગણી મુજને તમ તારશો. ૩

શિવ સમીપ સદા તમ વાસ છે
ગણપતી ગણ ઉદર પાસ છે
જન ઘણા તમને બહુ ચ્હાય છે
"મગનલાલ" તણો સુત ગાય છે. ૪

"શ્રી સત્યનારાયણ પ્રભુની સ્તુતિ"

હરિગીત છંદ.

શ્રી સત્યનારાયણ પ્રભુને જે નમે છે પ્રેમથી
વ્હાલા વિભુ સભાળ લેછે નિત્ય તેની રે'મથી
જે હેતથી બહુ ચ્હાયછે વિભુ વ્હાલ તેનાપર ધરે
ઉરમા બહુ તે પ્રેમજઆણી મનકામના પુરી કરે. ૧

એ વાતનો સશય નથી સહુ લોક તેતો જાણતા
કરતા કથાઓ પ્રેમથી બહુ હર્ષ મનમા આણતા
કરૂણા કરી મમ ઉપરે બહુ પ્રેમ દ્રષ્ટી રાખશો
જો વાક ગુનો આવે તો પ્રભુ માફી તેની આપશો ૨

સરવે જગતને આપ બહુ કરૂણા કરી નિહાળશો
સઘળા સ્થળે ઉંચનીચમાં શુભશંપને ફેલાવશો
કુસંપરૂપી ઝાડ જે તેનું અરે મુળ કાપશો
મુળ કાપીને જે ઝાડ છે તેને નહિ ઉગાડશો ૩

"જનમ ધારીને શું તમે કર્યું,"

લલિત છંદ.

જગતના ધણીને નહી ભજ્યા, મુખથકી તમે નામ ના જપ્યા
ભજનમા અરે દીલના ધર્યું, જનમ ધારીને શું તમે કર્યું. ૧
ઉર વિષે તમે પ્રેમ ના ધર્યો, ગરીબનો નહિ આસરો કર્યો
પરમ ઇસનું ધ્યાન ના ધર્યું જનમ ધારિને શુ તમે કર્યું ૨
કદિ તમે નહી સેવના કરી, તમ દયાળ માતા પિતા તણી
મફતના ફર્યા તેથિ શું સર્યું, જનમ ધારીને શું તમે કર્યું. ૩
ભગત તો બની મોજ મારતા, ગરજ દાનની નાજ સારતા
ખરચમાં ગયું કામ ના સર્યું, જનમ ધારિને શું તમે કર્યું. ૪
સહજ બાબતે કોરટે લડે, ધરમ કામમાં પાઈ નાં ધરે
ધન બધુ અરે એહમાં ગયું, જનમ ધારિને શું તમે કર્યું. ૫

સરસ સુંદરી જો તમે સુણો, વિષય કામમાં અંધતો બનો
નરકમાં જશો ભાતુ ના ભર્યું, જનમ ધારિને શું તમે કર્યું, ૬
વિષય ખેલમાંરે બહુ રમ્યા, સકળ સૃષ્ટિમાં તો અરે ભમ્યા
વચન વેદનું કાન ના ધર્યું જનમ ધારિને શું તમે કર્યું. ૭
દિવસમાં તમે ભ્હાર આથડ્યા, સરવ રાતરે વાતમાં ચઢયા,
હરિકથાતણું ધ્યાન ના ધર્યું, જનમ ધારિને શું તમે કર્યું ૮
સમજ જીવડા છે જવું અરે, ગરવ છોડને બીક ધારરે
મન તમાયરૂ માનમા ઠર્યું, જનમ ધારિને શુ તમે કર્યું, ૯
મરણ આવશે તે લઇ જશે, યમતણા દુતો માર મારશે
ખબર પુછશે સુ અરે લહ્યુ, જનમ ધારિને શું તમે કર્યું. ૧૦

"પતિ વિમુખ સ્ત્રીએ પાળવાના ધર્મ."

માત્રામેળ તોટક છંદ.

શણગાર નહી કરમાં સજવા,
કદિ નાત સુણો જવુ ના જમવા.
રાખો તમ પ્રેમ ઘણો મનમા
લાવો નહિ રોષ કદી તનમાં. ૧
લડવું નહિ કોઇની સાથ અરે
મનમા વિભુનો ભય રાખ અરે

ગમશે કહિના ગમશે તમને
નહિ ખેદ ધરો નિજના મનને ૨
લાવો નહિ કામ કદી પરનું
લઇ કામ કરો નિજના ઘરનું
બાજી કદિ ભોગ નહિ રમવા
હલકા સમજી સઘળા તજવા. ૩
ઉરને કદિ નાખુશ ના કરવું
વાતોમાં ચિત્ત નહિ ધરવું
રડશો નહિરે તમ 'વાત કરી
સરખા સરખી સખીઓજ મળી. ૪
દઇ ધ્યાન તમે સહુ કામ કરો
નિજ સાસુ શ્વસુરનો પ્રેમ હરો
વાલમનુ ધ્યાન તમો ધારી
સીખો સીખામણુ આ સારી. ૫

પતિવ્રત.

ગઝલ.

પ્રિયાએ પ્રાણથી વ્હાલો, અરે નિજકંથને ગણુવો
કરીને પ્રેમથી સેવા, પતિના સ્નેહને હરવો

સવારે લઇ પતિનું નામ
કરો જે ગૃહના છે કાય
વધે જેથી તમોને હાય
રહે ખુશ રાધીકાનો શ્યામ

દુખી સંસાર તરવાને, શિયળ હોડી તમે રહાજો
સરળ રસ્તો એ સારોછે, કુટીલ કોદિ નહિ થાજો

બની દાસી ઘરે રહેવું
પતિને કંઇ નહિ કહેવું.
પડે જે દખ તે સ્હેવું
નહિ તે કોઇને કહેવુ.

હમેશા દુ ખ સ્હેવાથી રહે છે સુખની આશા
સતી રહાયક શરણામા કદી થાયે ન નિરાશા,

પતિને પ્રેમથી સેવો
રહે રાજી સહુ દેવો
જુઓ આનદ છે કેવો
મળે મિષ્ટાન ને મેવો

પતિવૃતા પ્રેમથી બનવુ બનાવો દ્વિજ નારીને
પડે જો કષ્ટ તેમા તો બનો પણ હિત ધારીને

વ્હાલાને.

ગઝલ.

પ્રિયાના પ્રેમની પ્યાલી, ભરી પીજો અરે પ્યારા
  રહીછું દિલથી તલસી, થસો નહિ મુજથી ન્યારા
ભલે આ પ્રેમ અરપુંછુ ગણીને પાત્ર હું તમને
  નહી દેશો અરે છોડી, પિયુજી હેતથી અમને
રમાડો રસમાં રસીયા, ગણીને આપની દારા
  અવરથી સ્નેહ સાધોતો, તમોને સમ છે મારા
પતિવૃત પ્રેમથી પાળુ, કરૂ હુ આપની સેવા
  અવર નરથી નહિ મારે, અરે કઇ લેવા કે દેવા
પિયુના પ્રેમની માળા, અરે હું રોજ કરવાની
  પતિના નામનો મંત્ર, નકી હુ રોજ ભજવાની
જમાડી આપને પ્યારા, પછી હુ નિત્ય જમવાની
  સલુણા શ્યામ તમ માટે અશહ્ય દુખ ખમવાની
હુકમ થાતા બજાવીને બની દાસી હું રહેવાની
  શિરે જે સંકટો પડશે, ખુશીથી તેહ સ્હેવાની.

* * * * *

પ્રણય પ્યાસી ચકોરીને, ચતુર જગનાથ કર સુખી
  પતિવૃત ધર્મ જોઈને, નહી કરતા કદી દુખી.

"વ્હાલીનો વિયોગ."

શિખરિણી છંદ.

મને છોડી ચાલી, શરમ મનમાં તેં નહીં ધરી
અરે વ્હાલી તેં તો, કપટ મય બાજી મમ કરી
નહિં દીલે ધાર્યું, પતિ તણિ દશારે કયમ થશે
પ્રિયા તું જાવાથી, મમ હૃદયમાં શુ થતુ હશે. ૧

નિસાસા નાખુછું, હરદમ તને યાદ કરૂછું
પહેલાનો ત્હારો, મમ તરફનો પ્રેમ ધરૂંછું
નથી તે ભુલાંતો, કયમ કરિને દીવસ જશે
પ્રિયા તું જાવાથી, મમ હૃદયમાં શું થતું હશે. ૨

લઉં ખાવા જયારે, નિર નયનમાંથી ટપકતુ
તને સંભાળ્યાથી, બહુ હૃદય મારૂં ધડકતું
નિહાળુ આગે તો. દુખદમયદિ આવી પડશે
પ્રિયા તું જાવાથી, મમ હૃદયમાં શું થતુ હશે. ૩

દયાતો ના ધારી, પણ તુજ વિનારે ન ગમતું
હમેશા મારૂંતો, હૃદય તમ પાસેજ ભમતુ
વિયોગે તારાતો, પ્રણય રસ પ્યાસી રઝળસે
પ્રિયા તું જાવાથી, મમ હૃદયમાં શું થતું હશે. ૪

અરે નિંદ્રામાં તો, સુભ તમ છબી આંખ ચઢતી
નિહાળીને તેને, હરસમય છાતી ઉછળતી
નહોતું જાણ્યું મેં, અધવચ મને આમ ઠગશે
પ્રિયા તું જાવાથી, મમ હ્રદયમાં શું થતું હશે, ૫

ઘરે આવું ત્યારે, પ્રથમ તમને યાદ કરૂછું
છતાં છોડી ચાલ્યા, સખત મનમાં 'ખેદ ધરૂછું
દગો કીધો ભારી, મમ શિરપરે દુઃખ પડશે
પ્રિયા તું જાવાથી, મમ હ્રદયમાં શું થતું હશે. ૬

"બળહિન બચ્ચું"

મંદાક્રાતા છંદ.

કયાથી આવ્યું ખબર નહિ થોડું નજીકે નિહાળ્યું
બેઠા ત્યાંથી, તરત ઉઠિન ત્યાં જઇનેજ જોયું
ત્યાં જોયું તો ઝખમ કરિને કાગડો નાસતો તો
જેવો નાઠો, પથર લઇને ઘા અમોએ કર્યો તો. ૧
નાસી છુટયો, તરત જઇને છાપરે તેજ બેઠો
ઘા લાગ્યો ના, નજર ચુકવી ત્યાંથિ પાછોજ નાઠો
પાણી લાવ્યા, દિલપર અમે થોડુ થોડુજ રેડયું
બેઠું થાયું, સખત રડતું સ્હેજ ધીમું જણાયું. ૨

આશા ધારી, જરૂર જિવશે માત જો તેનિ આવે
કયાંથી આવે, મરણ ભયની બીક આતો જણાદે
માળો કયા છે. ઝટ લઇ અમો શોધવાનેજ લાગ્યા
શોધી કાઢયો, નિજ ઘરવિષે મુકવાનેજ ફાવ્યાં. ૩
સીડી લાવ્યા, ઉપર ચઢિને માળમા એજ મુકયું
પખી આવ્યુ, ઘર તરફ તે શોધ લેતું જણાયું
તેથી જાણ્યુ, જરૂર નિજની એજ માતા હશેર
ચાલ્યા ત્યાથી, 'સરવ ઘરમા કેમ તેનું થશેરે. ૪

છેલી સલામ.

સરવેને મારી સલામ વાચક ભ્રાતા સરવે
તુચ્છ મતિથી કીધુ કામ વાચક.
અલ્પ વખતમાં કામ કીધુ છે ભુલો હશે બહુ ઠામ ,,
સુધારીને જો વાચશો તો, રહેશે હૈયે હામ, ,,
તસ્દી જો તમને પડે તો દેજો માફી તમામ. ,,
હુ એવો કઇ જ્ઞાની નથી કે બતાવુ બ્હોળો દમામ.

શાન્તિ શાંન્તિ શાન્તિ.

સપૂર્ણ.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

બુકસેલર. રણછોડલાલ મોતીલાલ શાહ.

રીચીરોડ—અમદાવાદ.

બુકસેલર. દામોદર રેવાદાસ શાહ.

રીચીરોડ—અમદાવાદ.

